ગાંધીનગર સમાચાર
તા. ૧૭-૩-૨૦૧૪, સોમવાર

તંત્રી સ્થાનેથી....

દૂષણોના દહનનો અને પ્રેમના રંગોનો ઉત્સવ

ભારત ઉત્સવોનો દેશ છે. અહીં દિવાળી પણ ઉજવાય છે અને હોળી પણ મનાવાય છે. આપણે ત્યાં દરેક મહિનાનો અને ઋતુનો કોઈને કોઈ મહત્ત્વપૂર્ણ ઉત્સવ છે. પરંતુ હોળી-ધુળેટીનો આગવો મહિમા છે. ઉત્તર ભારતમાં દિવાળી કરતાં પણ હોળી મોટો ઉત્સવ છે. હોળીમાં ધૂળેટીનો પણ સમાવેશ થઈ જાય છે. ધુળેટીને આપણે જુદી રીતે ઉજવતા થઈ ગયા છીએ, પરંતુ ઉત્તર ભારતમાં તો રંગપંચમીથી જ રંગોનું પર્વ શરૂ થઈ જાય છે. એ આનંદનું વસંતપર્વ છે, પ્રેમનું પર્વ છે. વ્રજની હોળીમાં આખો મહિનો યુવાનો ફાગનાં ગીતો ગાય છે, મજાક મશ્કરીની છોળો ઉડાડે છે, એકમેકને રંગે છે અને જીવનનો રસ લૂંટે છે. હોળી પાછળ હિરણ્યકશિપુ અને એના પુત્ર પ્રહલાદની કથા છુપાયેલી છે. પ્રહલાદ રાક્ષસ યોનિમાં જન્મ્યો હોવા છતાં વિષ્ણુનો પરમ ભક્ત હતો. હિરણ્યકશિપુ માટે એની પરંપરા વિરૂદ્ધ વર્તી રહેલા પુત્રને વિષ્ણુભક્તિ છોડાવવાનું અઘરું હતું. અનેક યાતનાઓ છતાં બાળક પ્રહ્લાદે પિતાની વાત ના માની ત્યારે ક્રૂર પિતાએ એને મારી નાખવાના નુસખા અપનાવ્યા. બહેન હોલિકા રાક્ષસ રાજની મદદે આવી. એણે તપ કરીને 'ફાયરપ્રૂફ' આવરણ પ્રાપ્ત કર્યું હતું. બાળ પ્રહલાદને એ ખોળામાં લઈને બેઠી અને એની ચિતા સળગાવાઈ ત્યારે આવરણ પવનથી ખસીને પ્રહલાદને વીંટળાઈ ગયું. પ્રહલાદ હસતો હસતો અગ્નિકુંડમાંથી બહાર આવ્યો અને દુષ્ટ હોલિકા બળીને રાખ થઈ ગઈ! એ રીતે જોતાં હોળી એ દૂષણોના દહનનું પર્વ છે. બીજી તરફ એ પ્રણયના અને નિર્દોષ પ્રેમના ફાગ ખેલવાનો રંગોત્સવ છે. ધુળેટીમાં ગંદા, ગોબરા, તૈલી રંગો કરતાં હર્બલ રંગોથી ખેલાતી હોળી વધુ સાર્થક બની રહે. સમય મુજબ પરંપરામાં પ્રવેશેલાં દૂષણો દૂર કરી ઉત્સવોને નવા વાઘા પહેરાવવા જોઈએ. હોળી-ધુળેટી પર્યાવરણ પર્વ બની રહેવું જોઈએ. એમાં પ્રવેશેલી અશ્લીલતાથી વેગળી શુદ્ધ પ્રેમની સરવાણી સ્વરૂપે એ રંગછાંટણાનું પર્વ બની રહે તે જરૂરી છે. આ વખતની હોળી ચૂંટણીના રાષ્ટ્રીય પર્વની અગ્રદૂતિકા બનીને આવી છે. રાજકારણમાં ઘુસી ગયેલા હિરણ્યકશિપુઓના ત્રાસથી દેશની ભલીભોળી પ્રજાને છોડાવવા માટે પ્રહલાદવૃત્તિ ધરાવતા શુદ્ધ, સાત્ત્વિક અને ઈશ્વરપરાયણ પ્રતિનિધિઓને ચૂંટી મોકલવાની મહામૂલી તક આવી પૂગી છે ત્યારે એ ઝડપી લેવા ઉતાવળા થઈએ. ગાંધીજીએ જે માનવીય મૂલ્યો ખાતર બલિદાન આપ્યું હતું એ એળે ન જવું જોઈએ. હોળી એવાં દૂષિત-પ્રદૂષિત આસુરી વિચારસરણી ધરાવતાં હિંસક તત્ત્વોને વીણી વીણીને નેસ્તનાબૂદ કરવાનો તબક્કો ઉજાગર કરવા કટિબદ્ધ બનીએ. ગુજરાતમાં હોળી-ધુળેટીનો વિશેષ મહિમા આદિવાસી અને બક્ષી જાતિઓમાં છે. એની ખરી રંગત રાજસ્થાન અને ઉત્તર ભારતનાં રાજ્યોમાં વરતાતી હોય છે. આપણે ત્યાં હોળી પૂર્વેના 'હોળાષ્ટક' તરીકે ઓળખાતા આઠ દિવસો શુભ કામ માટે વર્જિત ગણાયા છે, જયારે ઉત્તર ભારતમાં હોળીથી વધુ શુકનિયાળ અન્ય કોઈ જ પર્વ નથી. ભારતીય જનતા પાર્ટીએ એથીસ્તો નરેન્દ્ર મોદી અને રાજનાથ સહિતના એના નેતાઓની ચૂંટણી બેઠકોની જાહેરાત બરાબર સામી ઝોળે - હોળી સાંજે જ કરી હશે ને!

સૌને 'હોલી' હોળી મુબારક!

હોળી-ધુળેટીના પાવન પર્વ નિમિત્તે હરખની હેલી સાથે સૌને હોળી મુબારક

આજ ચઢી છે, હરખની હેલી
હામી આવી છે, હોલી ધુળેટી
કામ બધા ઠામુકા, એક બાજુ ઠેલી
રંગોની રમત થોડી લઈએ ખેલી.
ભીંજાઈએ રંગાઈએ, થઈ વેલા-વેલી,
ખોલી નાખીએ હઉં, દિલની ડેલી,
અરજ છે આ, હવે સાવ છેલ્મછેલ્લી,
એય, હાલોને થઈ જઈએ ઘેલા ઘેલી
રચના આ મારી, લાગી તમને કેવી!
રમવાને હવે હોલી, લાગી તાલાવેલી ?

વિદ્યાર્થી હવે રિચેકિંગ કરેલી ઉત્તરવહી નેટ પર જોઈ શકશે

ભારતની સીબીએસઈ શાળાઓમાં અભ્યાસ કરતા હજારો વિદ્યાર્થીઓને મોટો ફાયદો : ઘેરબેઠા ઉત્તરવહી જોઈ શકશે

અમદાવાદ, તા.૧૬

સેન્ટ્રલ બોર્ડ ફોર સેકન્ડરી એજ્યુકેશનની પરીક્ષા આપ્યા બાદ તેના પરિણામ બાદ રિચેકિંગ પેપર્સ જોવા જવાની માથાકુટ હવે વિદ્યાર્થીએ કરવી નહીં પડે તે ઇન્ટરનેટ પર જ ઘેર બેઠા પોતાની ઉત્તરવહીઓ જોઇ શકશે. આ માટે સીબીએસઈ વિદ્યાર્થીઓએ તેમની જવાબવહીઓની સ્કનિંગ કરેલી કોપીઓ જ મોકલાવશે. જેને વિદ્યાર્થીઓ ઘર બેઠા નિહાળી શકશે. જેનો ફાયદો દેશભરની સીબીએસઈ શાળાઓમાં અભ્યાસ કરતા હજારો વિદ્યાર્થીઓને મળશે. સેન્ટ્રલ બોર્ડ ફોર સેકન્ડરી એજ્યુકેશન દ્વારા ધોરણ ૧૦ અને ધોરણ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહની પરીક્ષા અત્યારે લેવામાં આવી રહી છે. આ વિદ્યાર્થીઓ માટે સીબીએસઈ દ્વારા વિદ્યાર્થીઓને તેમની જવાબવહીઓની સ્કેનિંગ કરેલી કોપીઓ ઘરે મોકલાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેને વિદ્યાર્થીઓ ઘર બેઠા નિહાળી શકશે. આ નિર્ણયનો સૌથી વધુ લાભ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ જો જોઈન્ટ એન્ટરન્સ ટેસ્ટ આપવાના હોય તેમને થશે. કારણ કે, જેઈઈ એકઝામના રિઝલ્ટમાં આ માર્ક્સ ઉમેરાતા હોય છે. વળી અત્યાર સુધી આ માર્ક્સ જાણવા સ્કૂલમાં અને પછી નિયત શહેરમાં પણ જવું પડતું હતું. હવે ફોર્મ ભરવાની સુવિધા પણ ઘેર બેઠા જ મળશે. વિદ્યાર્થીએ આ એસસેમેન્ટ કોપી જોવા માટેનું એક ફોર્મ ઓનલાઈન જ ભરવાનું રહેશે. જેથી આ પ્રોસેસમાં પણ વિદ્યાર્થીનો સમય બચશે. આ સાથે જ સીબીએસઈએ ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષાના પેપર પણ શિક્ષકો તપાસવા હાર્ડ કોપી આપવાની જગ્યાએ આન્સરશીટની સ્કેન કોપીઓ જ ઓનલાઈન તપાસવા માટે આપવામાં આવશે. આ માટેની સિસ્ટમ એવી રીતે ગોઠવવામાં આવી છે કે, એક પ્રશ્ન તપાસવામાં આવે પછી જ બીજો પ્રશ્ન તપાસનાર ચકાસી શકશે. આમ એક આન્સરશીટ અને આખી ઉત્તરવહી તપાસાય પછી જ બીજી ઉત્તરવહી જ સ્ક્રીન પર જનરેટ થશે. આ સાથે દરેક પ્રશ્નના માર્ક્સની સાચી એન્ટ્રી થાય તે માટે વિશેષ સોફ્ટવેર તૈયાર કરવામાં આવ્યા છે. આ પેપર પર આગોતરા ડમી નંબરો જ મુકવામાં આવશે જેથી શિક્ષકને કઈ સ્કૂલના કે કયા વિદ્યાર્થીના પેપર છે તેનો ખ્યાલ ન આવે. સીબીએસઈ દ્વારા આ વર્ષે ધો. ૧૦ની અને આગામી વર્ષે ધો. ૧૨ની પણ માર્ક્સશીટ આ રીતે ઓન સ્ક્રીન માર્કિંગ સિસ્ટમથી જ તપાસાશે. જો કે, આ માટે સીબીએસઈએ તાલીમથી માંડીને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધા પણ ઉભી કરી છે.

બોર્ડ હેલ્પલાઈનનો ઉપયોગ કરવાનું ટાળતા વિદ્યાર્થીઓ

અમદાવાદ, તા.૧૬

રાજ્યભરમાં ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાઓનો પ્રારંભ થયો છે અને બોર્ડની સૂચના અનુસાર દરેક જિલ્લામાં વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે તેવી જ રીતે કાઉન્સેલિંગ સેન્ટર પણ કાર્યરત કરાયા છે. જો કે, અમુખ વખતે ફોન નો રીપ્લાય પણ થતાં હોય છે. બીજી તરફ પરીક્ષાર્થીઓ હેલ્પલાઈનનો ઉપયોગ પણ ખાસ કરતા હોતા નથી. આ સેન્ટરો ઉપર ફોન કરવાથી મુંઝવણનું માર્ગદર્શન અથવા પરીક્ષા કેન્દ્ર વિશે માહિતી આપવાનું, પરીક્ષા વખતે ક્યારે જવું? શું ન લઈ જવું? તેનું તથા પરીક્ષાનું ટેન્શન રહેતું હોય અને તેના નિરાકરણનું માર્ગદર્શન આપવાનું રહે છે. જો કે, ક્યારેક વ્યવસ્થા કરવાની છે એટલે કરવી પડે તેવું પણ બને તો ક્યારેક આ સેન્ટરોમાં નિષ્ઠાપૂર્વક માર્ગદર્શન અપાય તેવું પણ બને છે. જો કે, હેલ્પ સેન્ટરના અમુક કર્મચારીને પરીક્ષા ડ્યુટી પણ ફાળવાઈ છે. આ ઉપરાંત અમુક શાળાઓમાં હેલ્પ સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે. જેને એક્શન પ્લાન અંતર્ગત હેલ્પ લાઈન અને કાઉન્સેલિંગ સેન્ટરો ગણાવ્યા છે. આ સેન્ટરો ઉપર સવારે ૯થી સાંજના પાંચ સુધી માર્ગદર્શન મળશે તેવું જાહેર કરાયું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર વિદ્યાર્થીઓ મોટાભાગે તેમના સીટ નંબર માટે પુછતા હોય છે અને એવા પણ પાંચ-સાત ફોન આવ્યા હતા. તો અમુખ વાલીઓ-વિદ્યાર્થીઓ રૂબરૂ આવતા હોય છે તેમ જણાવાયું છે. જો કે, બોર્ડના પરીક્ષાઓ હેલ્પલાઈન કે કાઉન્સેલિંગ સેન્ટરનો લાભ લેતો નથી. કેમ કે કાં તો વિદ્યાર્થીઓને જાણ નથી અથવા ઉત્સાહ નથી, તે સારી બાબત ન ગણાય.

આ અંગે જાણકારી મેળવવા પ્રયાસ કરતા ડીઈઓનો ફોન નોટ રીચેબલ હતો. જ્યારે કન્ટ્રોલ રૂમના જણાવ્યા મુજબ અમુક હેલ્પલાઈન વાળા સ્ટાફને પરીક્ષા ડ્યુટી પણ છે માટે ક્યારેક ફોન નો રિપ્લાય પણ થાય ખાસ કરીને પેપર સમય દરમિયાન તેઓ ડ્યુટીમાં હોય માટે તેવું થાય.

JEE એડવાન્સ પરીક્ષા ચોથી મેથી શરૂ થઈ જશે

અમદાવાદ, તા.૧૬

આ વર્ષે આઈઆઈટીમાં પ્રવેશ પરીક્ષા જેઈઈ એડવાન્સનું પરિણામ જાહેર થતાં પહેલા જ જાણી શકાશે કે કેટલા માર્ક આવ્યા છે. એટલું જન હીં જો કોઈ સવાલના જવાબના માર્ગ નથી મળ્યા તો પરિણામ પહેલા ચેક કરાવી શકાશે. ઉલ્લેખનીય છે કે, જેઈઈ એડવાન્સ ૨૦૧૪નું આયોજન કરી રહેલી આઈઆઈટી ખડગપુરે પરિપત્ર જાહેર કરી દીધો છે કે, પરીક્ષા ૪થી ૯ મે ૨૦૧૪ સુધી કરવામાં આવશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ દેશની ટોચની આઈઆઈટી કોલેજોમાં પ્રવેશ મેળવવા માટે જેઈઈ એડવાન્સની પરીક્ષા લેવામાં આવે છે. ચાલુ વર્ષે જેઈઈ એડવાન્સનું આયોજન આઈઆઈટી ખડગપુર દ્વારા કરવામાં આવ્યું છે. જે ચાર મેથી નવ મે ૨૦૧૪ દરમિયાન લેવામાં આવનાર છે. ત્યારે આઈઆઈટી દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે કે, જેઈઈની પરીક્ષાનું પરિણામ જાહેર થાય તે પહેલા જ એટલે કે પહેલી જૂન ૨૦૧૪ના રોજ પરીક્ષાની આન્સર કી વેબસાઈટ પર મુકી દેવામાં આવશે ત્યારબાદ તારીખ આઠમી જૂનના રોજ ઓઆમએસ વેબસાઈટ પર અપલોડ કરી દેવામાં આવશે. આના પરથી ખબર પડશે કે કેટલા માર્ક આવ્યા છે. જો કોઈ પ્રશ્ન અંગે મુઝવણ હોય તો કેન્ડીડેટ પ્રત્યેક સવાલના ૫૦૦ રૂપિયા આપીને ચેક કરાવી શકે છે. ઉલ્લેખનીય છે કે, જેઈઈ એડવાન્સના પ્રવેશ માટે સામાન્ય અને ઓબીસી વિદ્યાર્થીએ ૨૦૦૦ રૂપિયા, એસસી, એસટી, વિકલાંગ વિદ્યાર્થી માટે ૧૦૦૦ ચુકવવાના રહેશે જ્યારે દરેક વર્ગની વિદ્યાર્થીનીઓ માટે ફી માફી છે.

શ્રીહરિકોટા સ્થિત સતિષધવન સ્પેશ સેન્ટરની મુલાકાતથી

રાજકોટના 'હેમ' રાજેશ વાગડીયાનું સ્વપ્ન સાકાર થયું

દેશ-વિદેશમાં ઘણી બધી સંસ્થાઓ એવી છે કે જેની મુલાકાત જીવનનું એક સંભારણુ બની જાય છે.સ્પેશ પ્રોગ્રામ માટે જાણીતી વિશ્વની નામાંકિત અમેરીકાની નાશા સંસ્થાની કોઈ મુલાકાત લઈને આવેતો ખુદ મુલકાતીતો હરખાતો હોય છે પણ મુલાકાતીના સગા સંબંધીઓની છાતી પણ ગજગજ ફુલતી હોય છે.ભારતમાં પણ આવી સંસ્થાઓ છે જેની મુલાકાત લેવાની સફળતા મળે તો ચોક્કસ આનંદ થાય. અમદાવાદ અને બેંગલોર સ્થિત ઈસરો,પી.આ.એલ જેવી સંસ્થાઓમાં આમ આદમી માટે પ્રવેશ અશક્ય છે.સંસ્થાની તથા દેશની આંતરીક સલામતી અને સંશોધન માહિતીની ગુપ્તતા બાબતે આ એક જરૂરી કદમ છે.આવી જ એક મહત્વની સંસ્થા શ્રીહરિકોટા ખાતે આવેલ સતિષ ધવન સ્પેશ સેન્ટર છે.જેની મુલાકાત લેવા માટે મંજુરી મેળવવી ખૂબ જ કઠીન છે.



ગુજરાતના પનોતન પુત્ર અને ગુજરાતના ગૌરવ સમા વૈજ્ઞાનિક ડો.વિક્રમ સારાભાઈના પ્રયત્નોથી ભારતને અવકાશ સંશોધનમાં ઘણો વેગ મળ્યો. અવકાશ સંશોધન કરતા દેશોની હરોળમાં આજે ભારતે પણ મહત્વનું સ્થાન પ્રાપ્ત કર્યુ છે. ચંદ્રાયાન અને મંગળયાન મોકલીને ભારતે વિશ્વમાં આપણી સ્વદેશી ટેકનોલોજીને વિશ્વ સ્તરે મુકી છે.ભારતના ઉપગ્રહો,અને અવકાશ મિશન માટે જે રોકેટસ અને યાનો જ્યાંથી છોડવામાં આવે છે તે શ્રી હરિકોટા સ્થિત સતિષ ધવન સ્પેશ સેન્ટરની મુલાકાત સેવાનું સૌભાગ્ય રાજકોટના એક ગુજ્જુ એવા રાજેશભાઈ વાગડીયાને મળ્યું.આ સ્પેશ સ્ટેશનાની મુલાકાત લેવાની તક કોઈ સાયન્ટીસ્ટ કે કોઈ મોટા ટેકનોક્રેટને મળ્યો હતો આ લેખ લખવાની મને આટલી ઉત્કંઠા ન થઈ હોત,પરંતુ રાજેશભાઈ વાગડીયા વિષે જાણ્યા પછી મને થયુ કે આવની નવી પેઢી ને રાજેશભાઈનો પરિચય કરાવવો જોઈએ.રાજેશભાઈ આમ તો વ્યવસાયે સોની છે.તેમની મુલાકાત મને સપ્ટેમ્બર-૨૦૧૩માં ગ્વાલીયર ખાતે યોજાયેલ "હેમફેસ્ટ-૨૦૧૩" માં થયો હતો.રાજેશભાઈ માત્ર ધોરણ-૧૦ સુધી ભણેલા છે.આગળ અભ્યાસ ન કરી શકવાથી તેઓ સોનીના વ્યવસ્યાયમાં પરોવાઈ ગયા.પરંતુ મજાની વાત એ છે કે આટલુ ઓછુ ભણેલા રાજેશભાઈ કડકડાટ અંગ્રેજીમાં વાત કરે છે.તેમની વિજ્ઞાન પ્રત્યેની રસ-રૂચિ પણ ગજબની છે.જ્યારે તેઓ રોકેટ્સ,ઉપગ્રહો,કે સ્પેશ પ્રોગ્રામ વિશે આપણી સાથે વાત કરતા હોય ત્યારે આપણને એમજ લાગે કે તેઓ સાયન્સ ગ્રેજ્યુએટ હશે.સામાન્ય વાતચીત દરમ્યાન પણ તેઓ અંગ્રેજી અને તેમાંય વિજ્ઞાન અને ટેકનોલોજીને લગતા અગરા શબ્દોનો ઉપયોગ કરી લે ત્યારે તેમની વિદ્યતા ઉડીને આંખે વળગતી હોય છે.

રાજેશભાઈ આમ તો સુવર્ણકાર છે અને સાથે સાથે "હેમ" પણ છે.અહી હેમ એટલે સાનું નહી પણ,હેમ રેડીયો ઓપરેટર.આપણે ત્યાં હેમ રેડીયો વિષે જાણનારો વર્ગ ખૂબ જ ઓછો છે. આઈ.ટી કે ઈ.સી.ના એન્જીનીયર વિદ્યાર્થીઓ ને પણ પુછવામાં આવે તો પણ એમાંના મોટાભાગના હેમ રેડીયોથી અજાણ છે.હેમ રેડીયો એક સંદેશા વ્યવહાર માટેનું અગત્યનું સાધન છે.મોબાઈલ ફોન ના આજના યુગમાં ભલે હેમ રેડીયો અજાણ્યો લાગતો હોય,પણ જ્યારે ધરતીકંપ,વાવાઝોડા, સુનામી કે બદ્રીકેદારનાથ જેવી કુદરતી આપત્તીઓ આવે છે ત્યારે પેલા મોબાઈલ ફોન મુગા થઈ જાય છે ત્યારે માત્ર આ એક હેમ રેડીઓ જ કોમ્યુનીકેશન માટે સહારા રુપ બની જાય છે.૨૦૦૦ માં આવેલ કચ્છના ગોજારા ધરતીકંપને યાદ કરીએ તો ઘણાને ખબર છે કે મોબાઈલ ફોન અને આપણા લેન્ડ લાઈન ફોન બંધ થઈ ગયા હતા.કચ્છમાં રાહતની કામગીરી માટે સંદેશા વ્યવહાર આ હેમરેડીઓ ઓપરેટરોએ ઉપાડી લીધો હતો.

ગુજરાતમાં આવેલ વિનાશક ધરતીકંપ વખતે ગુજરાતમાં ખૂબ જ ગણ્યા ગાંઠ્યા હેમ હતા તેઓ બધા કામે લાગ્યા હોવા છતાં તે વખતે સંદેશા વ્યવહારને ધબકતો કરવા વધુ હેમની જરૂર હતી અને તે વખતે હૈદાબાદથી હેમ રેડીયો ઓપરેટરની ટીમ ગુજરાતની મદદે આવી હતી.વિકટની આ પરિસ્થતિમાં તે વખતે બધાને સમજાયુ કે હેમની પ્રવૃતિ સમાજ સેવા માટે કેટલી ઉપયોગી છે.કચ્છના ધરતીકંપ બાદ ગુજરાતમાં અને તેમાંય પાછી ગાંધીનગરમાં એસ.કે.નંદા (સેક્રેટરી) અને શ્રી રાધાકૃષ્ણન (પૂર્વ ડી. એસ. પી, ગાંધીનગર)ની રાહબરી નીચે ગુજરાત ઈન્સ્ટીટ્યુટ ઓફ એમેચ્યોર રેડીયોની શરૂઆત થઈ.આ સંસ્થાન અથાગ પ્રયાસો થકી ૧૦૦ કરતાં વધુ નવા હેમ તૈયાર થયા.ગૌરવલેવાની વાતતો એ છે કે હેમ રેડીયોની સેવા બદલ આ વર્ષે રાષ્ટ્રપતિ એવાર્ડ માટે પસંદ થયેલ વાયરલેસ પી.એસ.આઈ શ્રી પી.સી.વલેરા આ સંસ્થા (ઝી.એ.આઈ.આર)નું સંચાલન કરી રહ્યા છે.આ સંસ્થાન ઉપક્રમે દરરોજ સવારે ૮:૦૦ કલાકથી ૮:૩૦ દરમ્યાન હેમ રેડીયોની ગુડમોર્નીંગ ગાંધીનગર ક્લબ ચાલે છે. છેલ્લા દશ વર્ષથી ચાલતી આ ક્લબમાં સવારે મોટી સંખ્યામાં હેમ વાતચીત તથા માહિતીનું આદાન પ્રદાન કરતા હોય છે.

બેગલોર સ્થિત ઈસરો સેટેલાઈટ સેન્ટરના ઉપગ્રહ એમેચ્યોર રેડીયો ક્લબ દ્વારા દેશના ૭૫ જેટલા હેમની શ્રીહરિકોટા સ્પેશ સેન્ટર નિહાળવા માટે પસંદગી કરવામાં આવી હતી.જેમાં ગુજરાતી તરીકે શ્રી રાજેશભાઈ વાગડીયાની પસંદગી થઈ હતી.રાજેશભાઈનું હેમ રેડયો માટે નું પ્રદાન તેમની પસંદગીનું કારણ બન્યું હતું.ગુજરાતીમાં કહેવત છે કે મોરના ઈંડાને ચિતરવા નપડે. આ કહેવતને તેમની દિકરી

● અનુસંધાન પાના - ૬ પર

મહિલાઓ અને બાળકોના અધિકારો અંગે પણ પૂરી જાગૃતિ લાવવી આવશ્યક છે

મહિલા સમાજ અને કાયદો - અંક-૧૦
ડો. ભાવના કે. જોશીપુરા

સ્ત્રી પરિવર્તનનો સ્રોત, સંવાહક એ પ્રકારનું સૂત્ર યુનાઈટેડ નેશન્લ તરફથી વૈશ્વિક કક્ષાએથી વહેતું થયું અને ખરેખર સ્ત્રી જ એ કુટુંબનો મુખ્ય એકમ છે. તે સર્વસ્વીકૃત બાબત છે. એક ઘરની કલ્પના એક દિકરી, વહુ કે માતા સિવાય કલ્પી શકાતી નથી. ઘર કુટુંબના સમગ્ર વાતાવરણને એક સ્ત્રી જીવંત રાખે છે. તે સત્ય હકીકત છે, પરંતુ આજ સ્ત્રી પણ કોઈ પણ પ્રકારે અત્યાચાર થાય છે ત્યારે તેને કાયદો મદદરૂપ થાય છે. સમાજ પણ કોઈ પણ બનેલી ઘટના પર હંમેશા સંવેદનશીલ રહ્યો છે. આપણે આ કોલમમાં બે અંક પહેલા સાવરીની વાત શરૂ કરીને મહિલા દિન સંદર્ભે ચર્ચા કરી ચાલો આજે આપણે સાવરીના કેસમાં શું બન્યું તે જાણીએ.

સાવરીના કેસ બાબતે અગાઉની હકીકતો આપ સહુ વાચકોને ખ્યાલ તો છે જ પરંતુ ટૂંકમાં ફરીથી જણાવીએ તો સાવરી નાની ઉંમરમાં ગેરમાર્ગે દોરાઈ જાય છે અને સાવરીને લલચાવી ફોસલાવીને સમાજની વગવાળી વ્યક્તિઓને સાવરીને ગેરકાયદેસર બાબતોમાં સાંકલી લે છે. આમ જુઓ તો સ્ત્રીઓનાં અનૈતિક વ્યાપાર બાબદોનો કાયદો આ કેસમાં લાગુ પડી શકે. સાવરીની ગરીબ માતા અને સામા તરફે સમાજના વગવાળા લોકો આ બંનેની વચ્ચે કાનુની લડાઈ શરૂ થાય છે.

સાવરીની માતાના કહેવા મુજબ પોલીસ સંસ્થાના અગ્રણીઓને મદદરૂપ થાય છે અને સાવરીનો કબજો પણ પોલીસ મારફતે મેળવવામાં આવે છે. સાવરીને સ્પેશ્યિલ હોમ ફોર ગર્લ્સમાં મોકલી આપવામાં આવે છે. સ્પેશ્યિલ ફોર ગર્લ્સ આમ તો રક્ષિત જગ્યા કહી શકાય પરંત કેટલાક તત્ત્વો એ જગ્યાએ પણ પોતાની પહોંચ અજમાવવાની કોશિશ કરે છે અને સાવરી તેઓની વિરૂદ્ધ કોઈ નિવેદન ન આપે તે બાબતે પ્રયત્નો કરે છે. સામી બાજુએ સ્ત્રી સંગઠનો અને મહિલા સામાજિક આગેવાનો પણ સતત સાવરીને બચાવવામાં કોશિશમાં લાગે છે. પોલીસને વિશ્વાસમાં લઈ નામદાર અદાલતના હુકમથી સાવરીને સ્પેશ્યિલ હોમ ફોર ગર્લ્સમાંથી એક દૂરના જીલ્લાના હોમમાં રક્ષણ સાથે મોકલી આપવામાં આવે છે.

કોઈ પણ વ્યક્તિની જયારે એક જગ્યાએ સલામતી જોખમાતી હોય તો તેવી વ્યક્તિને સલામતીના કારણોસર અદાલત એ પ્રકારની બીજી સલામત જગ્યાએ મોકલી શકે છે, આ એટલા માટે ઉલ્લેખ કરૂં છું કે જે ગામમાં બનાવ બન્યો તે ગામના આ બાબત સાથે સંકળાયેલા લોકો પોતાના વગનો ઉપયોગ કરીને સાવરીને તથા તેની માતાને જરાવી ધમકાવી તેઓનાં નિવેદન બદલવા માટે કોશિશ કરી શકે છે. સાવરીની માતા સવિતાબેન તો રોજબરોજ નોકરીએ પણ નિયમિત જઈ શકતી નથી. આ તમામ વચ્ચે સાવરીને જે બહેનના ઘરે ગોંધી રાખવામાં આવી હતી તે બહેન સહિત અનેક લોકો સાવરીનું અપહરણ કરવા અંગે, સાવરીને લલચાવી ફોસલાવીને લઈ જવા અંગે અને સાવરી ઉપર થયેલ બળાત્કાર અંગે ફરિયાદ દાખલ થાય છે. સાવરી એક બાળકી છે અને અને બાળકીનું જાતીય અને શારીરિક શોષણ થયું છે. તો સૌપ્રથમ આપણે બાળઅપરાધના ખ્યાલ વિશે જોઈએ તો,

દરરોજ વિશ્વની અંદર હજારો બાળકો કાયદાના સંઘર્ષના સંપર્કમાં આવે છે અને આ કારણે ન્યાયશાસ્ત્રીઓ, સમાજશાસ્ત્રીઓ, મનોવૈજ્ઞાનિકો માટે આ વિષય સતત ચિંતાનો રહ્યો છે. કહેવાયું છે કે **Large numbers of children in conflict with the law are socioeconomic victims, denied their rights to education, health, shelter, care and protection. Many of them have had littte or no access to education; many are working children.**

બાળકો પ્રતિ આચરવામાં આવતા વિવિધ અપરાધોનું સંક્ષિપ્ત સ્વરૂપ જોઈએ તો,

(૧) બાળકોનું જાતીય અને શારીરિક આર્થિક શોષણ
(૨) ચાઈલ્ડ ટ્રાફિકીંગ
(૩) નિરાધાર બાળકોનાં નામે આશ્રમ ખોલી તેની પાસે અપરાધ કરાવવી, ભીખ મંગાવવી અને અન્ય ગેરકાયદેસર કૃત્યો આચરવા
(૪) કિશોર કે કિશોરીઓનું જાતીય શોષણ
(૫) બાળકોને લલચાવી, ફોસલાવી, ડરાવી તેની પાસે પોર્નોગ્રાફી ફોટા ફિલ્મ તૈયાર કરાવી અને વેંચવી.
(૬) બાળ અપરાધ અને બાળ હિંસા
(૭) ઓનલાઈન ઈન્ટરનેટ દ્વારા ચાઈલ્ડ એબ્યુઝડ
(૮) કોમ્પ્યુટરના માધ્યમથી હાઈટેક કોમ્પ્યુટર ગેઈમ્સ જે બાળકોના મગજને નુકશાન કરે છે અને હિંસક બનાવે.
(૯) દલાલો નોકરી અપાવવાના બહાને-મા-બાપને સમજાવી બાળાઓને લઈ જઈ વેશ્યાવૃત્તિ કરાવે
(૧૦) ગેરકાયદેસર રીતે ખેતીકામ, ઘરકામ કરાવી ત્રાસ આપે
(૧૧) ગુપ્ત રોગ અને જાતીય રોગોનો ઈલાજ માટે બાળાઓનું યૌનશોષણ થાય અને નાની બાળાઓનો ઉપયોગ થાય છે
(૧૨) ઊંટ રેસ માટે વેચાણ ધનિકોને બાળકો વેચવા
(૧૩) બાળકો દ્વારા કેફી દ્રવ્યોની હેરાફેરી
(૧૪) બાળકોમાં દત્તક વિધાનના નામે વિદેશોમાં બાળકોની હેરાફેરી
(૧૫) શીશુઓને એકત્ર કરી બનાવટી દત્તક કેન્દ્રો ઊભા કરવા
(૧૬) અનાથ બાળકોની હજારોની સંખ્યામાં તેના કલ્યાણના નામે ખરીદી
(૧૭) બાળમજૂરી કે જેમાં સિનેમા ઉદ્યોગ, હોટલ ઉદ્યોગ, બાંધકામ ઉદ્યોગ, ફટાકડા ઉદ્યોગ સહિત અનેક ઉદ્યોગોનો સમાવેશ થાય છે.

અત્રે એ ખાસ ઉલ્લેખનીય છે કે, બાળ મજૂરી અટકાવવા માટે અનેક પગલાં સરકારી અને બિન સરકારી રાહે લેવાઈ રહ્યા છે પરંતુ જે બાળક મજૂરી કરે છે તે બાળકને મજૂરીએ જવા માટે કોણ મજબૂર કરે છે ? સામાજિક સંજોગો, પરિવારની આર્થિક વિકટ પરિસ્થિતિ, માતા કે પિતાનું અચાનક અવસાન થવું એટલે કે બાળકનું અનાથ થવું, માનવ તસ્કરી સાથે જોડાયેલાં લોકો, બોન્ડેડ લેબર, વેથપ્રથા, ઘરકામ કરતી સ્ત્રીઓ બાળકીઓને ઘરકામ કરવા સાથે લઈ જાય, આ બધી બાબતો એ બાળકને તેના બચપણનું હાસ્ય છીનવીને કારમી મજુરી તરફ ધકેલી દે છે.

શ્રમ વિભાગ દ્વારા બાળકોને થતાં શારીરિક શોષણ અને બાલ શ્રમિકો અંગે કડક પગલાંની કાયદાકીય જોગવાઈ છે. દરેક જિલ્લામાં આ કામગીરી સઘન રીતે થઈ રહી છે અને છતાં પણ બાળશ્રમિકોની સંખ્યા યથાવત છે. આ મુદ્દો એ વિશેષ રીતે સામાજિક છે. આ બધી બાબતોમાં મુખ્ય બાબત એ બાળક કે બાળકીનું જાતિય શોષણ એ મુખ્ય છે. આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ હ્યુમન ટ્રાફિકીંગ (માનવ તસ્કરી) એ વિષય અને તેની સાથે જ સ્ત્રી અને બાળકીઓનો અનૈતિક વેપાર એ બાબત ઉપર વૈશ્વિક કક્ષાએ એક ઝુંબેશ ઉઠી છે. છેલ્લા પાંચ વર્ષમાં યુનાઈટેડ નેશન્સ તરફથી આ મુદ્દાને લક્ષમાં રાખીને વિશ્વના દરેક દેશોને સ્ત્રી અને બાળકી ઉપર ધ્યાન કેન્દ્રીત કરીને સમાજ વિકાસ તરફ આગળ વધવાની વાત ચાલી રહી છે. દરેક સમાજસેવી સંસ્થા સ્ત્રી અને બાળકી ઉપર મુખ્ય લક્ષ આપીને કામ કરવા તરફ પ્રેરાઈ રહી છે.

મહિલાઓ અને અધિકારો બાબતે બાળકોના અધિકારો અંગે પણ પૂરી જાગૃતિ લાવવી આવશ્યક છે. આ બાળકોનું કિલ્લોલતું હાસ્ય કોણ મુરજાવી નાખે છે ? મળીને આવતે અંકે....

**જે બાળક મજૂરી કરે છે તે બાળકને મજૂરીએ જવા માટે કોણ મજબૂર કરે છે? સામાજિક સંજોગો, પરિવારની આર્થિક વિ